શ્રીગણેશાયનમઃ

યોગકન્યા.

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી વાંકાનેર નૃસિંહ નૌત્તમ નાટક સમાજ.

(મર્હુમ ધર્માનુરાગી ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર સ્થાપીત.)

રચનાર.

નથુરામ સુંદરજી શુકલ.

(ભાવનગર પોરબંદર અને વાંકાનેરના રાજકવિ.)

આવૃતિ. પહેલી. પ્રત. ૨૦૦૦ બે હજાર.

અમદાવાદ વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ. જેકણદાસે છાપ્યું.

સવંત ૧૯૬૭ સને ૧૯૧૧.

કીંમત ૦—૨—૦

ચેતવણી.

પ્રસીધ કર્તા.
શ્રી વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક સમાજ તરફથી
બાઇસંકર હીરજીભાઇ—અમદાવાદ

ॐ श्री परमात्मने नमः

યોગકન્યા નાટકનાં મુખ્ય પાત્રો.

ચંદ્રશેખર-વિશુદ્ધપુરના માજી રાજા કિશોરસિંહના પીતા (યોગેંદ્ર) નામે ઓળખાય છે.

અલીનસિંહ-વિશુદ્ધપુરના હાલના રાજા ચંદ્રશેખરના નાનાભાઈ.

કિશોરસિંહ-ચંદ્રશેખરનો પુત્ર અને કાન્તા. (યોગકન્યા)નો પતિ

કાન્તા-(યોગકન્યા) કિશોરસિંહની પત્ની.

શાન્તીસેન-પ્રવરપૂરના મહારાજા.

ધુમ્રકેતુ-શાન્તીસેનનો નાનો ભાઈ.

ઉદ્ધતસિંહ-પ્રવરપૂરનો પાટવી કુમાર.

સમરસિંહ-પ્રવરપૂરનો સેનાધિપતિ. કાન્તાનો પીતા.

વિજયા } કાન્તાની સખીઓ.
વસન્ત }

શઠરાય-ઉદ્ધતસિંહનો પાસવાન.

શાન્તા-શઠરાયની સદ્ગુણી સ્ત્રી.

વિચિત્રરાય-રાજમોદી.

વિલાસીની-વિચિત્રરાયની છકેલી સ્ત્રી.

વિમળા-વિચિત્રરાયની બેન.

પ્રધાન, છબીલી, ચોર, દાસ, દાસીયો, વારાંગનાઓ ચોપદાર વિગેરે.

યોગકન્યા નાટકનો ટુંક સાર.

નાટ્ય સુચન—કોઇ એક વિરવતી કન્યાનું વીરત્વ. અસહ્ય સંકટો સહન કરી સાચવેલું સતીત્વ, શરી ક્ષત્રાણીનું શૌર્ય. શિયળનું સૌંદર્ય, પતિપ્રેમનો પડેલ વિયોગ, બાળકન્યાએ લીધેલો યોગ. પતિભકિતનો પરાભવ થવા તથા અડગપણું ઓપાળવા આપેલો સુખનો ઉપભોગ. અને તેમાં સત્યની રાહે સ્નેહીઓનો થયેલો સંયોગ. છેવટ સત્યનો વિજય. અને અસત્યનો પરાજય.

અંક પહેલો.

મંગળાચરણ પરમાત્માનું સ્તવન અને વસ્તુ વિવેચન.

પ્ર. ૧—મલીનસિંહના દગાથી દેશપાર થયેલા ચંદ્રશેખરના પુત્ર કીશોરનો મલીને કરવા ધારેલો નાશ. તેમાં તેનો બચાવ કરવા જનાર નીમકહલાલ નોકરનો ત્રાસભર્યો વિનાશ. બાદ કિશોરે રાજ્ય છોડી રવાના થવું. અને મલીને તે વૈરનું બીજ પોતાના હૃદયમાં સ્થાપવું.

પ્ર. ૨—કાન્તાનું સખીઓના સમુદાયમાં પ્રેમાવલોકન. બાદ કાન્તા સાથે કિશોરસિંહનું સ્નેહભરિત મીલન.

પ્ર. ૩—ગુપ્તવેશ ગૃહણ કરેલ શાન્તિસેને કિશોરસિંહની પરિક્ષા કરવી. બાદ કિશોરે સમરસિંહની શોધાર્થે જવા શાન્તીસેનની આજ્ઞા શીરે ધરવી. ઉદ્ધતસિંહે ઉદ્ધત અવસ્થામાં મદમસ્ત

શઠરાયની સહાયતાથી કાન્તાનું હરણ કરવાની કરેલ આજ્ઞા. અને ધુમ્રકેતુને મળી સમરસિંહ તથા કીશોરનો પ્રાણ લેવાની પ્રતિજ્ઞા.

પ્ર. ૪—શઠરાય સાથે વિચિત્રરાયનો વાદ વિવાદ. બાદ શઠરાય પ્રત્યે શાન્તાનો સદબોધક સંવાદ.

પ્ર. ૫—એકાન્ત અવાસમાં કાન્તાના વિરહી વિચાર. ત્યાં કાન્તાનું હરણ કરવા આવેલ શઠરાયનો તીરસ્કાર. બાદ શિયળ સંભાળવા કાન્તાએ સખી સાથ પરદેશગમન કરવું. અને યોગ ધારણ કરી નિર્ભયપણે ફરવું.

પ્ર. ૬—વિચીત્રરાયનો વિચીત્ર ગૃહસંસાર. અને વિચીત્રની સ્ત્રી. વિલાસીનીનો ઉદ્ધત પ્રત્યે છુપો પ્યાર.

પ્ર. ૭—યોગેન્દ્ર (ચંદ્રશેખર) સાથ તેના પુત્ર કીશોરનો અચાનક મેળાપ થતાં તેનાં કાર્યમાં વિજય થવા આશીર્વચન આપવું. તથા કીશોર સાથ કાન્તા (યોગકન્યા)નું ગૃહીણી ખંડનમંડન વિશે વિવેચન થવું. બાદ કાન્તાએ સમરસિંહની અને કિશોરે ધુમ્રકેતુની શોધાર્થે જવું.

પ્ર. ૮—આનંદગિરી જંગલમાં બારવટીયાઓ સાથ ધુમ્રકેતુનું છુપાવું. પરસ્પર લડાઈનું ઝનુન. ત્યાં સમરસિંહનું ખુન. ઉદ્ધતસિંહનું આવવું. અને કાન્તા તથા વિજયાનું કેદ પકડાવવું.

દેખાવો.

અંક બીજો.

પ્ર. ૧—કારાગૃહમાં કાન્તા તથા વિજ્યાની વિચિત્ર સ્થીતી. ત્યાં છુપે રસ્તેથી શઠરાય સાથે ઉદ્ધતે આવી કાન્તાને બતાવેલી બીતી. ઉદ્ધતે વિજ્યાનું ખુન કરવાની કરવી કૃતિ. અને કાન્તાની અડગ વૃત્તિ.

પ્ર. ૨—વિચિત્રરાયની બહેન વિમળાને ઘરમાંથી કઢાવવા વિલાસીનીએ પ્રપંચ આદરવો. વિચીત્રે તે પ્રમાણે અમલ કરવો. પાછળથી વિલાસીનીએ છુપી રીતે ઉદ્ધતને મળવા રવાના થવું. એ પ્રપંચ જાણી વિચિત્રે મહારાજાને તેડી ઉદ્ધતના મહેલમાં જવું.

પ્ર. ૩—ઉદ્ધતના એકાન્ત વાસમાં વિલાસીની સાથ મોજમજા. ત્યાં શાન્તીસેને સર્વેને દેશપાર કરી ઉદ્ધતને સેતાની મહેલમાં કેદની કરવી સજા. બાદ સમરસિંહના ખુનના ખબર થાય છે. શાન્તિસેન લશ્કર લઇ ધુમ્રકેતુને મારવા જાય છે.

પ્ર. ૪—જંગલમાં વિચિત્ર વિચારગ્રસ્ત આવે છે. ત્યાં દેશપાર થયેલ વિલાસીની શઠરાયને પ્રપંચથી ફસાવે છે. શઠરાય સીપાઇના હાથથી પકડાય છે. વિલાસીની ચોર સાથે મોહિત થાય છે. છેવટમાં ચોર વિલાસી[illegible] માલ પડાવી નાસી જાય છે.

પ્ર. ૫—સેતાની મહેલમાં [illegible] ત્યાં કાન્તાને બેભાન સ્થીતીમાં લાવવાનો રચેલો ભેદ. કાન્તાના પીતાના મૃતકમસ્તક પર કઠીન માર. તે સમયે કાન્તાનો હૃદયભેદક ચીતાર. સતી પર બળાત્કાર. ત્યાં સત્યદેવીએ બતાવેલો અદભુત ચમત્કાર.

પ્ર. ૬—પતિની શોધમાં નીકળેલી શાન્તા સાથ કાન્તાના એકત્ર વિચાર. ત્યાં શાન્તિસેનપર ધ્રુમ્રકેતુનો ગોળીબહાર. કાન્તાએ શાન્તીસેનને બચાવી કરવો ઉપકાર. બાદ શાન્તિસેન કાન્તાને ઇચ્છિત વચન આપી રવાના થાય છે. કાન્તા અને શાન્તાકીશોરની મદદે જાય છે.

પ્ર. ૭—કીશોરસિંહ સાથ મલીનસિંહે રચેલો લડાઇનો દાવ. ત્યાં યોગેન્દ્રનો ચમત્કારીક પ્રભાવ. ધ્રુમ્રકેતુનું છુપું રહેઠાણ. ત્યાં કીશોરસિંહ સાથ મોટું રમખાણ. બારવટીયાઓની હાર. ધ્રુમ્રકેતુનો સંહાર. સુરંગનું ફુટવું પહાડોનું તુટવું ગુફાનું બળવું. માણસોનું બળતા નીકળવું.

દેખલો.

અંક ત્રીજો.

પ્ર. ૧—મલીનસિંહની કચેરી યોગેંદ્રે આપેલો બોધ. તેથી મલીનને વ્યાપેલો ક્રોધ. મલીનસિંહે તલવારથી કરવો પ્રહાર—યોગેંદ્રનું અદ્રશ્ય થવું. સર્વનું જોઈરહેવું.

પ્ર. ૨—કિશોર તથા કાન્તાના પ્રેમનો સંભ્રમસંવાદ. યોગેંદ્રનો બંનેને આશીર્વાદ. કિશોર તથા કાન્તાએમલીન સામે લડાઈએ ચડવું. અને શાન્તાએ પતીશોધ માટે છુટું પડવું.

પ્ર. ૩—વિશુદ્ધપુરના કિલ્લાના મહાન યુદ્ધમાં મલીનસિંહનો સંહાર. શત્રુઓની હાર. કીલ્લાનું પડવું. અને ઉદ્ધતને કેદ પંકડવું.

પ્ર. ૪—શઠરાયે વિશુદ્ધપુરની પ્રપંચી સ્ત્રી મારફત વિલાસીનીનો પત્તો લેવો. અને વિચિત્રને ફંદથી ફસાવી સ્ત્રીની લાલચમાં ભ્રમીત કરી દેવો.

પ્ર. ૫—વિલાસીનીના વિલાસગૃહમાં વિચિત્રનું સપડાવું. વિચિત્રનું ખુન થતાં શઠરાયે બચાવ કરી છેવટ સર્વનું શાન્તાને હાથે પકડાવું.

પ્ર. ૬—વિશુદ્ધપુરમાં શાન્તિસેનનો દરબાર ઉદ્ધતનો પશ્ચાતાપ. પીતા પુત્રનો મીલાપ. સર્વ ગુનેગારોનો ન્યાય થતાં શાન્તાએ પતિ-

નો બચાવ કરી પત્ની તરીકે જાહેર થવું. યોગકન્યાએ સત્ય સ્વરૂપે પ્રગટ થઈ કિશોરના શરણુમાં જવું. બાદ યોગેંદ્રે અચાનક પ્રગટ થઇ ચંદ્રશેખર રૂપે સર્વને ભેટવું. ગુનેગારોનું છુટવું. પરસ્પર પ્રેમીઓની પ્રેમભેટ. કિશોરસિંહને રાજ્યાભિશેક.

શાન્તિ. શાન્તિ શાન્તિ.

श्री गणेशाय नमः

श्री

योग कन्या नाटकनां गायनों.

—✿—

મંગલાચરણ.

બાળાઓ— ૧

ભજો તારી ત્રીપુરારી, સ્નેહે સુખકર મહાદેવ હર;
ધરીને ભાલ...હિન દયાળ...કરો નિહાલ.
ભક્તપાલ...ચરણ...શરણ...હાની...હરણ,
ગણી નિત્ય અહીંઓ. ... ... ટેક. ...
શ્રેયકારી અઘહારી, સુર સરિતા શિર ધારી;
જોડી બે હાથ નમીએ નાથ, ટાળીને સર્વ તાપો.
જય આપો ભય કાપો, પ્યારા પ્રતિદિન;
મુખે માગી લહીએ. ... ... સ્નેહે

બાળાઓ— ૨

કરૂણા સાગર કળીયુગમાં, પત પ્રિતે સતની રાખે છે;
સ્નેહથી સંકટ હરવા કાજે, હરિ હાજર રે છે. ... ૨.

હરિશ્ચન્દ્ર નૃપે સંકટ વેઠ્યાં હદ હામે;
પણ સતથી પામ્યા, શ્રેષ્ટ સુયશ પરિણામે.
આખી સતના રાહપરે, નર વિજયી નિવડે છે. ... ફર.

કિશોર— ૩

સ્વાર્થની બાજી સાજી,
રહે છે હમેશાં રાજી. જન જગમાં.
માણે પ્રપંચથી વૈભવ મોટા,
ખળ વચને ખોટા;
જ્યાં ત્યાં કરે હા હાજી. જન જગમાં.
અધમ જન ઉડાવે મોજ,
સજ્જનને શિર,દુઃખનો બોજ;
રચના અજબ, નિરખું રોજ.
જગપતિની જગમાં, સ્વાર્થની.

કાન્તા— ૪

હો પ્રેમ તારી બલિહારી છે ભારી,
હું વાલે જઉં વારી...વારી...વારી.
તારે કેફે દિવાની બની ફરૂં;
સખી—હા હા એ તો ખરૂં, પણ આ શું આદર્યું;

કાન્તા—હો સખી પ્રીતીની તારીફ શું કરૂં. પ્રેમ તારી.
સખી—સુણે જે પ્રેમની સંસારમાં મીઠી મુરલી;
કાન્તા—તજી તમામ તે ડોલે છે નાગ જેમ અલી.
સખી—હો વાહ શાણી સાહેલી વાણી તારી ન્યારી. હો.

સખી મંડળ— ૫

ગરબો.

નથી વીંચાતાં નેન, વ્હાલા આવો ઝટ આ સમે;
ગાળું રડતાં હું રેન, હૈયું મારૂં ભ્રમમાં ભમે.
શળ સમી સાલે સેજ આ, છે દીવો દુઃખ દેણુ;
જાય જુગ જેવડી, આ વિયોગની ઘડી.
બાળા એ ચેન, બાવરી બનીછું કશું ના ગમે. ટેક.

સાખી.

હારિ હામ હવે હું તો, વાલમ જોઉં વાટ;
દુઃખીઆરી દારા તણા, આવિહરો ઉચાટ.
હારે બાણુ વાગ્યાં છે, રસીયા વિયોગનાં;
વ્યાધિ વ્હાલા કેમ વેઠી જાય આ હોજી રે.
ભાળું છું દિન ભોગનાં.

સાખી.

વિરહ કટારી વાગતાં, કારી જખમ જણાય;
મીલન રૂપી ઔષધ વિના, રસિયા કેમ રૂઝાય.
બાળાને બચાવો, રંક જાણી રેમ લાવો;
આવો જલદી જીવનજી કરવા સહાય,
સુખમાં જીંદગી જાય.
વૈદ રૂપ ધારી લીયો રોગથી ઉગારી;
નાડી નીરખી પ્રીતમજી કરો નિદાન,
ગુણના ગાઉં હું ગાન. શ્રળ.

કાન્તા— ૬

જાણ્યા જાણ્યા ઠગારા તમારા મેં ચાળા;
જાઓ છો બ્હાનાં જુઠાં બતાવીને;

કિશોર—સાચું કહું તુજને શાણી વદું નહિં જુઠી હું વાણી.
કાન્તા—રહો અહીં રહેમ આણી ભાવે દઉં ભોજન પાણી;
કિશોર—અધિરાઈ ઉરમાં આશી, પ્યારી બહુ પ્રેમની પ્યાસી.
કાન્તા—રહી સંગમાં રસરાશિ, દાસીની ટાળો ઉદાસી;
કિશોર—આમ હામ કાં તું જાય હારી, રે પ્યારી.
કાન્તા—રીત આપનિ આ રંગ રસિયા છે ન્યારી. જાણ્યા.

છેલ્લત— ૭

દિલ નહિ ડરશું આનંદ કરશું વરવામાને વરશું
હરદમ દે હુકમ, કરી જોર જુલમ.
ધનવાનોનું ધન હરશું.
દોસ્ત સંગ દાર લઇશું, મસ્ત બનીશું રંગમાં રહીશું.
સુખીઆ થઇશું.
કોરસ—લેખશું નહિ લાજને, સાજશું શુભ સાજને
તેજદાર તાજને,
હાં શીરે ધરીશું. દિલ.

શાન્તા— ૮

જાઓમાં જાઓમાં, ઓ જીવન મારા પ્રાણથી પ્યારા;
શઠરાય—છોડનારી બાહિ મારી રીત તારી છે ન સારી ધારી હામ
નિત્ય આમ નિન્દે પ્રતિદિન સતિ બનિ મુજ કૃતિને.
શાન્તા—પતિ પ્રભુ સમ ભજું ધરિ રતિને,
શઠરાય—મેં પિછાણી તારિ પ્રીત દૂર હઠ દારા;
શાન્તા—મુજ અરજી રદય ધરો પતિ ન અતિ ગજબ કરો,
શઠરાય—હાં વિણુ છે દિલ દીવાનું. જા જા.

કાન્તા— ૯

ઝુલે ઝુલવાની મજા, સાહેલી સ્નેહથી ઝુલાવે; ઝુલાવે.

સખીઓ—ઝુલે અંગોઅંગ અનંગનો રંગ ધીર તજાવેને,

તનનું ભાન ભુલાવે. ઝુલે.

કાન્તા—સલુણા શ્યામ વિના, હાં બની હું તો ઘેલી;

શોભે સંસાર મહીં, વૃક્ષે વિંટાઈ વેલી.

સખીઓ—વાહ સખી આમ તું, દિવાની બની કાં વ્હેલી. હા.

કાન્તા—ઝુલે આંખો માંહી મમ શ્યામ જો, આલી ખેલી;

સખીઓ—વ્હાલાની સંગમાં, રમજે રંગમાં.

કાન્તા—આનંદ અંગમાં, પ્યારા પ્રસંગમાં;

સખીઓ—વદના વ્યંગમાં,

કાન્તા—શું કરૂં કામ સતાવે. (૨) ઝુલે.

કાન્તા— ૧૦

જાળવું જુગતે વ્યાધિ વેઠી હું,

શિયળ સદાય શિર સાટે, સુયશ માટે અધિક ઉચાટેરે. જાળવું.

બચવા અધમોથી બનું યોગીની,

પ્હેરી ભગવાં પ્રીતે, રહું શુભ રીતે ચળું ના ચિત્તે;

સખીઓ—સખીઓને સતાવીને, નહિ નીચ નર કદી જગમાં જીવે.

વિલાસીની— ૧૧

પીઓ પ્રીતીના પ્યાલા, વિહારી વ્હાલા જાઉં વારી;
ઉદ્ધત—વાહ લટક મટક તારી, ચટક નાજુક નારી. પીઓ.
વિલાસીની—પ્રેમ ધારીને પ્યારા પધારી કીધી પ્યારીને,
આજે આભારી.
વિચિત્ર—અરરર અરરર મારી મા, થઇ છીનાળ રાંડ આ;
ઉદ્ધત—મારી તેં મોહિની નયન કટારી,
વિલાસીની—આનંદ દાયક આપની યારી,
મોહકારી છે મુર્ત્તિ તમારી;
નાંહી દેશો નારીને વિસારી. પીઓ.

વિલાસીની— ૧૨

પીઓ મારા ભોળા વિચિત્ર ભરથાર,
જુઓ કેવી ગંગા જળની છે બહાર;
વિચિત્ર—પીવાની બહાર છે શું લિજ્જતદાર છે,
લાગે છે તીખું લગાર.
વિલાસીની—પીઓ મારા.
મારા માટે જરીની સાડી ખરીદો,
લોભે બનાવો ના ઝાઝી લાચાર;

વિચિત્ર— શીર ધુમે છે માઈ અપાર.

વિલાસીની—સોનીડાને તેડાવો સોનું મંગાવો,

હોંશે ઘડાવું હું ચંપાનો હાર.

વિચિત્ર— તારે માટે છે તૈયાર (નવા નવા)

સોના રૂપાના શણગાર,

(આ ગંગાજળ કેવું.)

વિલાસીની—(ગોથાં ખવરાવે તેવું.) સમજ્યા.

વિચિત્ર—હા હા હા હા.

યોગેન્દ્ર— ૧૩

તને એ નાથ નહિ છાજે

પડયો તુજ પ્યારમાં, ભુલમાં ગુજારમાં

સંતની સાર લે સંસારમાં........નાથ.

અમૃત સાથે વિષ ઉપજાવીયું

મણી વિષધરના શીરપર મુકયો

પ્રભુ કરતાં ચતુરાઈ ચુકયો

ભુંડા એવું શું ભાવીયું

કરણા જે થૈને, તેતો તનડાને તાવીયું........નાથ

કિશોર— ૧૪

સર્વ પ્રાણીને સમાન અમે ભાળીએ,

સ્નેહ ધારી સંતની ઉપાધી ટાળીએ;

કાન્તા—ધન્ય સદય હૃદય અરપે, ઉદય આપને શ્રી યદુવીર.

કિશોર—સર્વ,

કાન્તા—પીડા પારકી હરે તે પુણ્યવંત છે,

કિર્તી તેની આ લોકમાં અનંત છે. સદા

કિશોર—સૂર્ય ચન્દ્ર સ્વાર્થ વિણ ભાંગે જગત કેરી ભીક. સર્વ.

કાન્તા— ૧૫

પડી અજબ ઉપાધી શિરે પ્રભુજી,

અબળા જનની સુણજો અરજી;

આશા દોરડી અંધવચ તોડી, પીડે ઉદ્ધત પાપી.

છો કરૂણા સિન્ધુ તમે, દિનબન્ધુ વહાલે વંદું;

હરજો ઝટ સંકટ આ હરજી. અબળા.

વિચિત્રરાય— ૧૬

ચમડી ચીરો તે હું સહું, કટકા દમડીના કરૂં;

ધન પ્રાણ કરતાં પ્યારૂં, છે હાય હાય. ટેક.

હુંતાઇ તંબોલીને, નાણું ધીરૂં વ્યાજ કેરૂં;

ચ પુ કાઢિ એને ચીરૂં. ચમડી.

ભાળી પેલા સોનો બાઈ,

પાછીથી આપું રૂપા બાઈ;
સૌને પૈસા સાથ સગાઈ,
નથી કરતો હું કાંઈ નવાઈ.
લઇને રૂપીયા રોકડા દઉં દોકડા. ચમડી.

વિલાસીની— ૧૭

બ્હાર જોબનની ન્યારી, કટાર આંખ કારિ;
હણું યારને શિકારી બની વાર વાર હું,
નિત્ય હું નવેલી નાર વ્હાલાથી કરૂં વિહાર.
કાયા મારી આ કામને આધિન છે,
લોભીયો ધણી રડયો બુદ્ધિ હીન છે.

વારાંગના— ૧૮

મોહે નાંહી સતાઓ, જાઓ પ્યારેલાલ;
કયસેં અખીયાંયે લાલ, બનિ નંદજીકે બાલ, ટેક.
દેખો દેતી હય બ્હાર, કયસી બીન્દી કુમ કુમકી;
હો ભાલ બીચ બીન્દી, કુમ કુમકી.
ખેલે સુરતીયાં, કહો સારી રતિયાં, ભોર ભયે બતીયા;
સુનાઈ યહાં આઈ જદુરાઈ. મોહે.

સાખી.

હમે બુલાઓ ન, જહાં રેન બિતાઇ બાલમ;
વોહી પ્યારીકે હીયેમેં, બસો જાઈ બાલમ. મોહે.

શાન્તિસેન— ૧૯

પકડી જકડી ગરદન મારૂં, ક્રોધાગ્નિમાં બળથી બાળું;
મરડું કરડી કરીને આંખો, હું વૈર તણો બદલો વાળું.
પાંખો તોડું ફોડું બસ બસ, છોડું નહિં થિર જાતાં;
ઠાર કરિ દારૂં અંતરને, દિલમાં નાંકી દયા ધારૂં. પકડી

વિલાસીની— ૨૦

રંગ રસિયા, આ ઉરમાં વસીયા હેતે હસીયા;

શઠરાય— રમણી નમણી, છો મન હરણી.

વિલાસીની—જાઓ.

શઠરાય— ચાહ તારી શી વાહ પ્યારી,
ઝટ પટ ભેટ ભાવ ધરી;

વિલાસીની—હઠો દિલજાન, કરો ન તોફાન;

શઠરાય—માનુની તું માન છુહું કુરબાન.

વિલાસીની—પ્રિતીના ચક્રરમાં વક્રરના ખોયાં,
જાઓ તમોને મેં જોયા.

શઠરાય—એમકે,

વિલાસીની—નહિં નહિં મનહર મારા યાર,

શઠરાય—અંતર ઠાર કર નહિં ખ્વાર.

વિલાસીની—   ૨૧

મને શાને સતાવે છે ચાર તું,

ચોર—બસ બસ દાગીના જલદી ઉતાર તું;

નહિં તુથી ઠગાઉં તને લુંટીને જાઉં.

વિચિત્ર—ગુરૂ સાચો મળ્યો, જીવ મારો ઠર્યો;

વિલાસીની—મરી ગઇરે નમેરો બનીને ન માર,

વિચિત્ર—માર ઠોંસા માર, બે...ચાર...પાંચ...સાત

માર ઠોંસા માર.

વિલાસીની—દયા દિલેથી નાંહિ.વિચારતું,

શાન્તા—   ૨૨

બની આ વાર હું લાચાર, હૈયા હાર વિના;

જેવી.જામિની લાગે, ચંન્દ્રના ચમત્કાર વીના.

જાણો વ્હાલા વિના, વનિતાની જીવા જીવની;

વાવેલી જેમ વેલી, વૃક્ષના આધાર વિના.

શું કરૂં કોને કહું હાયરે મુંઝાઉં છું,

મિલાવે કોણ મારો માનિતો કિરતાર વીના.

કાન્તા— ૨૩

મારી આશા પુરી છો, જય તું દેવિ અંબીકે;
આજ છે ઉમંગ મને સત્ય વ્રત પાળીરે.
દેવિ બાળી, બીરદાળી, તેં નિહાળી;
રાખી આજ લાજ. ... ... મારી૦
સત્ય શીયળ વ્રત નાર પાળતી તે પર
પ્રસન્ન થાતી માજી તું.
તુજ આધારે જે જન ચાલે તેને તો
માતા ભાવે દેખાતી તું.
જય ઉમિયા, ગણી તનયા, કરજે મયા;
નિત્ય સુખ કાજે. ... ... મારી૦

કાન્તા— ૨૪

માળા હું ફેરવું છું મારા મનહરની રામ,
દુઃખણીના દુઃખને ટાળો;
સંસારે જાણી સૌથી વિરહીનો વ્યાધિ વસમો;
શરણે આવેલને સંભાળો.
વિતી તે જાણે વ્હાલા, આ દિલમાં લાગ્યાં ભાલા;
જખરા પડયા છે છાલા, પાઓ અમિનાં પ્યાલા.
રઘુપતિ મતિપતિ વેગે વિચારો. માળા૦

કિશોર— ૨૫

મેં શ્રમમાં રાખી નહિં ખામી,
નાવ્યો નજરે એ હરામી,
સ્વામીની ન બની જરા સેવા હુંથી;
થશે બહુ મુજ બદનામી.
સેવક જનને પ્રભુ આપી સાહે,
આપદ હરો અંતરયામી. મેં શ્રમમાં૦

ધુમ્રકેતુ-તથા સરદારો— ૨૬

હા જંગ મચાવો આ ધરા ધ્રુજાવો,
શત્રુને સતાવો હામે હંફાવો હમેશ.
લાખોનાં માલ લુંટી ઝટ લાવો,
વન વન ઢીંખી ચમચમ તેગોને ચલાવો
સાવજ માફક સાવધ થાઓ.
રગ રગ ચિરી, ધગ ધગ લોહીને વહાવો.

દરબારીઓ તથા વારાંગનાઓ ૨૭

દાતા છો જ્ઞાતા છો ત્રાતા શ્રી પુરપતિ પ્રતાપી.

સુકિર્તી સ્થાપી અવનીમાં અનિતીના મુળ ઉથાપી;

જલધર જેવી રીતી જોઈ સહુ ચહે છે
સ્નેહી કલાપી,
શે આપી રીપુ જનોને કષ્ટ પ્રજાના કોડે કાપી.

કિશોર— ૨૮.

જોયું મેં તમામ ઠામ, સહુ જણાય સ્વારથી;
દુનિયા દુઃખરૂપ તેમાં, પ્રીતિ શોધ્યા પરમારથી.
એકતો દેવ દયાળુ ઉદાર, લીયે જુગોજુગમાં અવતાર;
એમજ મેઘ કરે ઉપકાર, ધરણીમાં જલ ધારથી. જોયું૦
સહન આપ કરે સંતાપ; તરૂવર હરે સહુના તાપ;
એવોજ સંત મહીમા અમાપ, દુઃખડા જાય દીદારથી. જોયું૦

કાન્તા— ૨૯

જાઓ જાઓરે કાં મુજને સતાવો દુર થાઓ;
જાઓ છોડો છેલ હું છુ યોગીની;
વહેમ આવો નહી લાવો. દુર થાઓ.

કિશોર—સાચુ બોલો સુંદરી સ્યાણી નહિ છુપાવો પ્રીત પુરાણી;
છોડીદો ચાળા કામની જ્વાળા,
પ્રેમ વારીથી બુઝાવોને બાળા.

કાન્તા—વ્હેમ આવો.

યોગેન્દ્ર.— ૩૦

કોટી ઉપાય કરવાથી, જનમના ગુણો ન બદલાયે. અરેહાં.
કાગ બને નહિ હંસ કદી પણ, નિશદિન છો ન્હાયે. અરેહાં.
સિંહણનું પય પાઇ ઉછેરો, શિયાળ નહિ સાવજ થાએ. અરેહાં.
લાખ વર્ષ મધુ સીંચ્યે નીંબની નહિ કટુતા જાએ. અરેહાં.
છોડી પકવાન શ્વાન, માંસ મહીં મોહશે.
કથીર કસીને જુઓ નહિં એ સોનું થશે.
એ...વી...રી...તે.....ભાઈ..................જનમનાં

છબીલી— ૩૧

આજ અંગઅંગે ઉમંગે અનંગે,
રસીકથી હું રમવા આતુર અતિ રંગે.
હું બની કેવી મદ ભરી, રસ ઝરી...સુખ કરી;
વેશ્યાની સંગે. આજ૦
શીખી હાવ ભાવ તેથી અધિક,
મારૂં નયન કટારી ક્હારી.
ભારી હું ધનને પચાવું ને મનને લોભાવું,
હું એવી લડાવું.

અતિ ખટપટ લટપટ મન્મથ રીઝાવું;
રંગે ને ચંગે. આજ૦

છબીલી— ૩૨

રસથી ભરી રૂપાળી નખરાળી હુંછું નારી.
મને મંત્રથી બોલાવી, આકાશ ચીરી આવી.
નવરંગ અંગ વાળી. નખરાળી.
તન રૂપ બાગ સારો. તેને સુધારનારો.
મળશે જરૂર માળી. નખરાળી.

વિલાસીની— ૩૩

ચારે બાજુ ચાલે મારાં નયનોની ચોટ.
લાગે ભારી ઘાવકારી.
લ્હેરીલાલા બનિ જાય છે લોટપોટ. ચારે.
દોઢીયાં વાળા છેલ છોગાળા,
દિલે હું પર દિવાના થઇ દોટ.
કહો. ક્યાંથીરે મારા ખજાનામાં ખોટ.
ભોળવાઈ આપે કેક ભોટ.
જુના નાણું કાં ધરાણા તહિતો નગદ નોટ.

વિલાસીની— ૩૪

દારૂ ધરનો ને પ્યાલી પરાઇ, હો પ્યારા ધીમેથી પીજો ધરાઇ.

વિચિત્રરાય—બસલાવ લાવ, વ્હાલી પીજાઉં એક પ્યાલી.

દેદે જરાક તાલી, ફેર બાટલીને ખાલી.

વિલાસીની—વીસ્કી હું પાઉં કહોતો બ્રાન્ડી લઇ આવું.

કહોતો એક સ્ટ્રા નંબર વન. દારૂ.

નશીબદાર નેહ તણો આ નમુનો છે.

આ દારૂ ન હોયતો આખો સંસાર સુનો છે.

વિચિત્રરાય—વાવા ઉમંગ છે રંગીલી રંગ છે.

ઉડાવો પતંગ.

વિલાસીની— ... ... દારૂ.

સર્વે— ૩૫

અતિ રસમય રચના તારી જોઇ જય જય કરતા.

હરિછો દુઃખના હરતા.

આપ્યા આજ અમિત વિજય વિરને. અતિ.

જીવો ઘણું નરપતિ કીશોર તાજ શિર ધરિ.

શ્રીપતિ સુખીયાં કરો આદ પતિ દુખહરિ.

ધાકીટ નગધર કીટતક ધીતા ન ધીતા ધા.

વાહ વાહ તારણુ તરણુ આપનું શરણુ.

સુખનું ઝરણુ શીવરતા.................. રસ.

